# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-9-2024 Midday : 1.20 to 1.30

Day : Sunday National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

- ✓ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, આપણે બધાએ જવાબદાર નાગરિક તરીકે પર્યાવરણ પ્રત્યે મજબૂત ચેતના વિકસાવવી પડશે.
- ✓ વિદર્ભ, તેલંગાણા, કર્ણાટકના કેટલાક સ્થળે અને દરિયાકાંઠાના વિસ્તારોમાં આજે અતિભારે વરસાદની આગાહી..
- ✓ કોમર્શિઅલ ગેસ સિલિન્ડરની કિંમતમાં પ્રતિ સિલિન્ડરે 39 રૂપિયાનો વધારો..
- ✓ એર માર્શલ તેજિન્દર સિંહે આજે ભારતીય હવાઈદળના નાયબ ચીફ ઓફ એર સ્ટાફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો.
- ✓ ફ્રાન્સના લિયોનમાં આયોજિત વિશ્વ કૌશલ્ય સ્પર્ધામાં 60 ભારતીય સ્પર્ધકો 61 સ્પર્ધામાં ભાગ લેશે.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# IIT BOMBAYBHUPENDRA YADAV

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે સાતત્યપૂર્ણ વિકાસ માટે ત્રણ આવશ્યક કાર્ય તરીકે ઉપયોગની માગ બદલવા, પૂરવઠા પ્રણાલીમાં સુધારો કરવા અને અસરકારક નીતિઓ લાગુ કરવા પર પણ ભાર મૂક્યો હતો. કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય અને મહારાષ્ટ્ર પર્યાવરણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આજે બૉમ્બે ભારતીય પ્રૌદ્યોગિક સંસ્થાન ખાતે યોજાયેલા આઈડિયાઝ ફૉર લાઈફ કાર્યક્રમમાં સંબોધનમાં શ્રી યાદવે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી યાદવે ઉંમેર્યું, આપણે બધાએ જવાબદાર નાગરિક તરીકે પર્યાવરણ પ્રત્યે મજબૂત ચેતના વિકસાવવી પડશે. સરકારે અક્ષય ઊર્જા લક્ષ્યાંકને નક્કી કરેલા સમયથી નવ વર્ષ પહેલા જ હાંસલ કરી લીધો છે. તેમ જ ખેતીમાં રસાયણના ઉપયોગને ઘટાડવા માટે મૃદા સ્વાસ્થ્ય કાર્ડ પહેલ પણ શરૂ કરી છે. કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવે આઈડિયાઝ ફૉર લાઈફ અંગે પોતાના વિચાર મોકલવાની તારીખ 15ઑક્ટોબર સુધી લંબાવી દીધી છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે વિદર્ભ, તેલંગાણા, રાયલસીમા, કર્ણાટકના કેટલાક વિસ્તાર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં અનેક સ્થળે અતિભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. પશ્ચિમ મધ્યપ્રદેશ અને મરાઠવાડામાં પણ

ભારે વરસાદની આગાહી છે. આ તરફ મહારાષ્ટ્રમાં મુંબઈ અને તેના ઉપનગરોના મોટાભાગના વિસ્તારમાં વરસાદ ઓછો થયો છે.

જોકે, હવામાન વિભાગે જાલના, પરભણી અને હિંગોળી માટે રેડ-અલર્ટ તોનાંદેડ અને લાતૂર માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. જ્યારે નાંદેડ જિલ્લામાં છેલ્લા 24 કલાકથી સતત વરસાદ વરસી રહ્યો છે.

ગુજરાતમાં પણ વરસાદનું જોર ઘટતાં આજે વરસાદની આગાહી નહીવત્ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના નવસારી, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં ભારે વરસાદની આગાહી છે.

## AP-CYCLONIC STORM-FLOOD ALERT

આંધ્રપ્રદેશ આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે જણાવ્યું કે, "અસના" ચક્રવતી વાવાઝોડું ગઈકાલે રાત્રે કલિંગપટ્ટનમ નજીકના દરિયાકાંઠાને ઓળંગી ગયું હતું અને ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાને નોંધપાત્ર રીતે અસર કરી હતી. આ વાવાઝોડાના પરિણામે, આંધ્રપ્રદેશના કેટલાક જિલ્લાઓમાં દિવસ દરમિયાન વરસાદ વરસવાની સંભાવના છે.

શ્રીકાકુલમ્, વિઝિયાનગરમ્, મન્યમ્, અલ્લુરી, કાકીનાડા અને નંદ્યાલ જેવા વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. જ્યારે એલુરુ, કૃષ્ણા, NTR, ગુંટુર, બાપટલા, પલનાડુ, કુરનુલ અને નંદ્યાલ સહિતના જિલ્લાઓમાં પણ નોંધપાત્ર વરસાદ થઈ શકે છે. વિશાખાપટ્ટનમ, અનાકાપલ્લી, કોનાસીમા, પૂર્વ ગોદાવરી, પશ્ચિમ ગોદાવરી, YSR, ચિત્તૂર અને તિરુપતિ જિલ્લામાં હળવા વરસાદની શક્યતા છે.

નીચાણવાળા વિસ્તારોનમાં રહેતાં લોકોને સાવચેત રહેવા જણાવ્યું છે. વધુમાં, આંધ્રપ્રદેશ આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે પ્રકાશમ્ બેરેજ ખાતે કૃષ્ણા નદી માટે પૂરની ચેતવણી આપી છે અને જાહેર જનતાને નહેરો તેમજ વીજ લાઈનો અને ઈલેક્ટ્રીક થાંભલાઓ નજીક ન જવા કહ્યું છે..

## COMMERCIAL GAS PRICE

જાહેર ક્ષેત્રની તેલ અને ગેસ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિઅલ ગેસ સિલિન્ડરની કિંમતમાં પ્રતિ સિલિન્ડરે ૩૯ રૂપિયાનો વધારો કર્યો છે. આ નવા દર આજે રવિવારથી લાગુ થઈ ગયા છે. જોકે, ઘરેલુ LPG સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ઑઈલ કંપનીની એક વેબસાઈટઅનુસાર, નવી દિલ્હીમાં 19 કિલો કોમર્શિઅલ ગેસની કિંમત 39 રૂપિયા વધીને 1 હજાર 691.50 રૂપિયા પ્રતિસિલિન્ડર થઈ છે. જ્યારે કોલકાતામાં કિંમત વધીને 1 હજાર 802.50 રૂપિયા, મુંબઈમાં કોમર્શિઅલ ગેસનો ભાવ 1 હજાર 605થી વધીને 1 હજાર 644 રૂપિયા થયો છે. તો આ તરફ14.2 કિલોના ઘરેલુ LPG સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## AIR MARSHAL-DEPUTY CHIEF

એર માર્શલ તેજિન્દર સિંહે આજે નવી દિલ્હીમાં ભારતીય હવાઈદળના નાયબ ચીફ ઓફ એર સ્ટાફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. પદગ્રહણ કર્યા પછી, તેમણે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર બહાદુર જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

એર માર્શલ તેજિન્દર સિંહ નેશનલ ડિફેન્સ એકેડેમીના પૂર્વ વિદ્યાર્થી છે અને 13 જૂન 1987ના રોજ ભારતીય હવાઈદળના ફાઈટર સ્ટ્રીમમાં જોડાયા હતા. તેઓ 4 હજાર 500 કલાકથી વધુ ઉડાન સાથે કેટેગરી 'A' ક્વોલિફાઈડ ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટર છે, ડિફેન્સ સર્વિસસ્ટાફ કૉલેજના પૂર્વ વિદ્યાર્થી છે.

તેમણે ફાઈટર સ્ક્વોડ્રન, રડાર સ્ટેશન, પ્રીમિયર ફાઈટરબેઝ અને જમ્મુ અને કાશ્મીરમાં એર ઓફિસર કમાન્ડિંગ કમાન્ડર તરીકે પણ ફરજ બજાવી છે... 2007માં તેમને વાયુસેના મેડલ અને 2022માં અતિ વિશિષ્ટ સેવા મેડલ પણ એનાયત કરાયો હતો.

## WORLD-SKILLS-COMPETITION.RTF

ફ્રાન્સના લિયોનમાં આયોજિત વિશ્વ કૌશલ્ય સ્પર્ધામાં 60 ભારતીય સ્પર્ધકો 61 સ્પર્ધાઓમાં ભાગ લેશે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા રાજ્યમંત્રી શ્રી જયંત ચૌધરી 6 સપ્ટેમ્બરે ભારતીય ટુકડીને ફ્લેગ ઓફ કરશે. મંત્રાલયના સચિવ અતુલ કુમાર તિવારીએ કહ્યું કે ભારતીય ટીમમાં સામેલ ભાગ લેનારાઓ નિષ્ણાતો પાસેથી તાલીમ લીધી છે.

આ કાર્યક્રમ માટેના સ્પર્ધકોની પસંદગી આ વર્ષે મે મહિનામાં નવી દિલ્હીમાં યોજાયેલી ભારત કૌશલ્ય પ્રતિયોગીતામાંથી કરવામાં આવી છે.આ સ્પર્ધા કૌશલ્ય વિકાસ અને સાહસિકતા મંત્રાલયના રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ

નિગમની પહેલ છે. તેનો ઉદ્દેશ્ય ઉત્પાદન, માહિતી ટેકનોલોજી અને સર્જનાત્મક કલા સહિત વિવિધ ક્ષેત્રોમાં પ્રતિભાશાળી યુવાનોને ઓળખવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# VP-DEHRADUN VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સૈન્ય શાળામાં વિદ્યાર્થિનીઓને પ્રવેશ આપવાના નિર્ણયને નોંધપાત્ર ગણાવ્યો છે. તેમણે જણાવ્યું કે, આ પગલું સમાનતા અને ન્યાયમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. આજે દેહરાદૂનમાં ઉત્તરાખંડની રાષ્ટ્રીય ભારતીય સૈન્ય કોલેજ (RIMC) ખાતે RIMC કેડેટ્સને સંબોધતા શ્રી ધનખડે ભારપૂર્વક જણાવ્યું કે, તેઓ ભવિષ્યના પડકારોનો સામનો કરવા અને વૈશ્વિક કલ્યાણમાં યોગદાન આપવા માટે તૈયાર થઈ રહ્યા છે.

આ પહેલા ઉપરાષ્ટ્રપતિએ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી ધનખડ આજે એઇમ્સ ઋષિકેશની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ સંસ્થાના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સાથે સંવાદ કરશે.

# UAE---VISA-AMNESTY-PROGRAM.RTF

સંયુક્ત આરબ અમીરાતે બે મહિનાનો એક વ્યાપક વિઝા એમ્નેસ્ટી પ્રોગ્રામ શરૂ કર્યો છે, જે દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા વ્યક્તિઓ માટે તેમની સ્થિતિને નિયમિત કરવા અથવા દંડ વિના વિદાય લેવાની નિર્ણાયક તક આપે છે. આજથી અમલમાં આવનારા આ કાર્યક્રમની જાહેરાત ફેડરલ ઑથોરિટી ફોર આઈડેન્ટિટી, સિટીઝનશિપ, કસ્ટમ્સ અને પોર્ટ સિક્યુરિટી દ્વારા કરવામાં આવી હતી, અને તે 30 ઓક્ટોબર સુધી ચાલશે.

આ કાર્યક્રમ હેઠળ, પ્રવાસી અને રેસીડેન્સી વિઝા સહિત તમામ પ્રકારના વિઝાની સમય મર્યાદા પૂર્ણ થઈ ગયેલી વ્યક્તિઓ, સંયુક્ત આરબ અમીરાતમાં કાયદેસર રીતે રહેવા અને કામ કરવાનું યથાવત્ રાખવા માટે તેમની સ્થિતિને નક્કી કરી શકે છે અથવા દંડ વસૂલ્યા વિના કે પ્રવેશ પ્રતિબંધનો સામનો કર્યા વિના દેશ છોડી શકે છે. જો કે, દેશમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરનારાઓને માફી લાગુ પડતી નથી.

# IRAQ BOMB BLAST

ઈરાકના સલાહુદ્દીન પ્રાન્તમાં બોમ્બ વિસ્ફોટ થતાં 2 લોકોના મોત નીપજ્યા છે. એક પોલીસ અધિકારીએ આ ઘટનાની પુષ્ટિ કરતા કહ્યું, બગદાદના ઉત્તરમાં આવેલા સલાહુદ્દીન પ્રાન્તમાં ઇસ્લામિક સ્ટેટ – I.S. સમૂહ દ્વારા એક બૉમ્બ રાખવામાં આવ્યો હતો. દરમિયાન અચાનક બૉમ્બ વિસ્ફોટ થતાં 2 લોકોના મોત નીપજ્યા છે. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચી છે.

# RUSSIAATTACKS ON UKRAINE

રશિયાના અધિકારીઓએ જણાવ્યું કે, તેણે પોડૉલ્સ્કમાં યુક્રેનના ડ્રૉન હુમલાને અટકાવ્યો છે. તેમ જ માનવરહિત વિમાન એરક્રાફ્ટને પણ નષ્ટ કરી દીધું છે. રશિયન હવાઈ સુરક્ષા દળે મોસ્કો તરફ ઉડાન ભરનારા એક ડ્રૉનના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. રશિયાના અધિકારીઓએ જણાવ્યું કે, મોસ્કો સહિત અનેક વિસ્તાર યુક્રેનના આ ડ્રોનના નિશાન પરહતા.

# J&K-CEO

જમ્મુ અને કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારી પી કે પોલે, આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી માટે તૈયારીઓની સમીક્ષા કરવા ગઈકાલે અનંતનાગ અને વેરીનાગની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે મુખ્ય ચૂંટણી અધિકારીએ નાગરિકોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા અનુરોધ કર્યો હતો. તેમણે અનંતનાગના લોકોને આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી લોકસભા ચૂંટણીમાં ઐતિહાસિક મતદાન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. બાદમાં, તેમણે દરેક મતદારને ચૂંટણીમાં મત આપવા માટે માહિતગાર, પ્રેરિત અને તૈયાર કરવાની ખાતરી કરવા બાઇક રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

તેમણે અનંતનાગની ચૂંટણી ટીમ, નોડલ ઓફિસરો, રિટર્નિંગ ઓફિસરો, આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસરો અને અન્યો સાથે સમીક્ષા બેઠક પણ

યોજી હતી. તેમણે તમામ સંબંધિતોને મુક્ત, ન્યાયી, અસરકારક અને ભૂલ મુક્ત ચૂંટણી સુનિશ્ચિત કરવા સૂચનાઓ આપી હતી..

# K C TYAGI RESIGNS

જનતા દળ યુનાઇટેડ-જેડીયુના વરિષ્ઠ નેતા કે.સી. ત્યાગીએ પાર્ટીના પ્રવક્તા પદે પરથી રાજીનામું આપ્યું હતું. તેમના સ્થાને હવે રાજીવ રંજન આ જવાબદારી સંભાળશે.. કે.સી. ત્યાગીએ, અંગત કારણોસર પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

જેડીયુના મહાસચિવ અફાક અહેમદ ખાને જણાવ્યું કે, પાર્ટીએ તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારના નિર્દેશ પર તેમના સ્થાને અન્ય નેતાને આ જવાબદારી સોંપવામાં આવી છે.

# VAISHNAW-ET FORUM

કેન્દ્રિય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, દેશમાં ટકાઉ ઇલેક્ટ્રોનિક ઘટકોના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સરકાર નવી યોજના શરૂ કરશે. ગઈકાલે નવી દિલ્હીમાં ET વર્લ્ડ લીડર ફોરમને સંબોધતા શ્રી વૈષ્ણવે જણાવ્યું કે દેશમાં ઉપયોગમાં લેવાતા તમામ મોબાઈલ ફોનમાંથી 99 ટકાથી વધુ દેશમાં બને છે. તેણે કહ્યું કે આ વર્ષે એપલ કંપની ભારતમાં પોતાનો નવો ફોન બનાવશે.

શ્રી વૈષ્ણવે ઉંમેર્યું કે દેશમાં ઈલેક્ટ્રોનિક ઘટકોનું ઉત્પાદન વર્ષ 2013-14માં 29 અબજ ડોલરનું હતું, જે 2022-23માં વધીને 105 અબજ ડોલર થયું છે.

તેમણે કહ્યું કે સરકારે પોતાના ત્રીજા કાર્યકાળમાં રેલવે, રોડ, હવાઈમથક અને બંદર સંબંધિત બે ટ્રિલિયન ડોલરના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે સરકાર એ સુનિશ્ચિત કરવા માંગે છે કે ઇન્ફોર્મેશન ટેક્નોલોજી સાથે જોડાયેલી મોટી કંપનીઓનો ટેક્નોલોજી પર એકાધિકાર ન હોય.